


# દેશી નિલકંઠ (Indian Roller)

પંખી લોક

★ પ્રવીણ સરવૈયા

પક્ષીઓ કોને નથી ગમતાં? રૂપાળાં અને ઘાટીલા દેહવાળાં પક્ષીઓ આપણને તેના તરફ જોવા ખરેખર લલચાવે છે. પક્ષીઓ હંમેશાં કામમાં મગ્ન દેખાય છે. તેઓ આખો દિવસ અહીંતહીં ઊડાઊડ કર્યાં કરતાં હોય છે. વળી પોતાના સ્વચ્છ અને સુઘડ દેખાવ માટે પણ તેઓ કેટલી કાળજી લે છે! પાણી ઉડાડે, પીંછાં સાફ કરે, શરીર ફુલાવે બસ, આવી બધી ક્રિયાઓ મન ભરીને જોયા જ કરીએ એવું થાય છે. મનોહર ભાતમાં ગોઠવાયેલાં એના પીંછાંનો પોશાક કેવો અદ્ભુત હોય છે!

આવું જ એક પીંછાંના સુંદર પોશાકથી શોભતું પંખી એટલે દેશી નિલકંઠ, તેનું બીજું નામ ચાષ છે, હિન્દીમાં તે 'નીલકંઠ'ના નામે જ ઓળખાય છે તથા અંગ્રેજીમાં તેને Indian Roller કહે છે.

**આવું જ એક પીંછાંના સુંદર પોશાકથી શોભતું પંખી એટલે દેશી નિલકંઠ, તેનું બીજું નામ ચાષ છે, હિન્દીમાં તે 'નીલકંઠ'ના નામે જ ઓળખાય છે તથા અંગ્રેજીમાં તેને Indian Roller કહે છે**

નિલકંઠનું કદ કબૂતર કરતાં સહેજ પાતળું છે. તેના કંઠે જાંબલી રેખાઓ છે, તેથી તેનું નામ 'નીલકંઠ'હશે, પણ ખરું નામ તો 'ચાષ'છે. તેની છાતી રતાશપડતા ભૂરા રંગની છે તથા પેટ અને પાંખો આસમાની રંગનાં છે. એ ઊડે છે ત્યારે પાંખો અને પૂંછડીમાં આછા લીલાશપડતા તેમજ ઘેરા જાંબલી જેવા વાદળી એમ બે જાતના રંગોના પટ્ટાની સુંદર ચોકડી પડે છે. વાદળી રંગની શોભા અને ભપકાથી તે ખૂબ આકર્ષક લાગે છે. ચાષ ખરેખર ખૂબ સુંદર અને ગૌરવ લેવા જેવું પંખી છે. તે જીવાત પકડવા માટે વારંવાર ઊડે છે ત્યારે વાદળી રંગના ઝબકારા જોવાની મજા આવે છે.

નિલકંઠ ખુલ્લાં ખેતરોમાં, વીજળીના તાર પર ચોમાસા પછીની ઋતુમાં અવશ્ય જોવા મળે છે. વાડીઓ કે બાગ-બગીચામાં પણ તે દેખાય છે. ગાઢ જંગલ તેને બહુ ફાવતું નથી. વીજળીના તાર પર કે ઝાડના ઠૂંઠા પર બેસીને તે ચારે કોર ચાંપતી નજર રાખે છે. પછી ખેતરમાં કે જમીન પર કોઈ જીવડું નજરે પડતાં જ તેને પકડીને પાછું પોતાની જગ્યાએ આવીને બેસે છે અને જીવડાને પોતાની ભારે ચાંચ વડે ફટકારીને ગળી જાય છે. આપણે ત્યાંનો અદ્ભુત ઉડાન ધરાવતો પતરંગો પણ આ જ રીતે જીવાતો મારી ખાય છે. એ 'નાના નીલકંઠ'તરીકે પણ ઓળખાય છે. ચાષના ખોરાકમાં તીડ, ઢાલિયા જીવડાં, કંસારી તથા ક્યારેક દેડકાં, કાચિંડા, ઉંદર અને નાના સાપનો પણ સમાવેશ થાય છે.


નિલકંઠ (ચાષ) પ્રવાસી પક્ષી નથી, પણ ઋતુ પ્રમાણે તે પોતાની સ્થળાંતર કરતાં રહેતાં હોય છે. ખાસ કરીને કપાસના પાકમાં ઈયળોનો ઉપદ્રવ વધી રહ્યો હોય ત્યારે એવા વિસ્તારમાં તે દેખાવા લાગે છે. અને ઈયળોનું મોટા પાયે નિયંત્રણ કરી નાખે છે. ચાષ ખેતી માટે ઉપદ્રવી જીવડાંનો નાશ કરે છે, તેથી તે ખેડૂતનું મિત્રપક્ષી છે.

તે પોતાનો માળો ઝાડ પર તેમજ ઝાડની બખોલમાં બનાવે છે. માળાની ઋતુમાં નર અધ્ધર ઊડીને ધીરેધીરે ગુલાંટ ખાતો-ખાતો પહોળી પાંખો કરી ઊતરે છે ત્યારે તે ખૂબ સુંદર લાગે છે. નર જાતજાતના કર્કશ અવાજો અને ઘોંઘાટ કરીને તથા પોતાના મનોહર રંગોનું પ્રદર્શન કરીને માદાને રીઝવે છે.

તેનાં ઈંડાં સફેદ રંગનાં હોય છે. તે એક વખતમાં ત્રણથી ચાર ઈંડાં મૂકે છે. નર અને માદા બંન્ને ભેગાં મળીને ઈંડાંને સેવે છે. વીસેક દિવસ બાદ ઈંડાંમાંથી બચ્ચાં બહાર આવે છે. બે મહિના સુધી તેઓ બચ્ચાંનો ઉછેર કરે છે અને ત્યારબાદ બચ્ચાં માળો છોડીને ઊડી જાય છે. આ સુંદર પક્ષી કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને ઓરિસ્સાનું રાજયપંખી છે.

આપણે ત્યાં નીલકંઠની અન્ય એક જાત પણ જોવા મળે છે. તે કાશ્મીરી ચાષ European Roller તરીકે ઓળખાય છે.

ખુલ્લાં ખેતરોમાં ઝાડની ડાળે કે તાર પર બેઠેલા ને પૂંછડી હલાવી કર્ર કર્ર... અવાજ કરતાં ચાષને અવશ્ય જોજો. એ આપણું એક જોવા જેવું પંખી છે.



# પાણી કેમ ભીનું હોય છે?



**વિજ્ઞાનની ભાષામાં કહીએ તો, ભીનાશ એ પાણીનો પોતાનો વ્યક્તિગત ગુણ નથી, પરંતુ પાણી જ્યારે કોઈ અન્ય સપાટીના સંપર્કમાં આવે છે ત્યારે સર્જાતી એક ભૌતિક સ્થિતિ છે**

પાણી ભીનું કેમ હોય છે? આ સવાલ સાંભળવામાં જેટલો સાદો લાગે છે, તેનો જવાબ વિજ્ઞાનની દૃષ્ટિએ એટલો જ રસપ્રદ અને ઊંડો છે. આપણે દરરોજ પાણીનો ઉપયોગ કરીએ છીએ, નાહીએ છીએ, હાથ ધોઈએ છીએ અને તરસ છીપાવીએ છીએ. આ દરમિયાન આપણે 'ભીનાશ' અનુભવીએ છીએ. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આ ભીનાશ પાછળ કયું વૈજ્ઞાનિક કારણ કામ કરે છે? વિજ્ઞાનની ભાષામાં કહીએ તો, ભીનાશ એ પાણીનો પોતાનો વ્યક્તિગત ગુણ નથી, પરંતુ પાણી જ્યારે કોઈ અન્ય સપાટીના સંપર્કમાં આવે છે ત્યારે સર્જાતી એક ભૌતિક સ્થિતિ છે. પાણીના ભીના હોવા અને વસ્તુઓને ભીની કરવા પાછળ મુખ્યત્વે બે પ્રકારના બળો કામ કરે છે. સંસક્તિ બળ: આ બળ પાણીના એક અણુને બીજા અણુ સાથે જોડી રાખે છે. પાણીના અણુઓ હાઇડ્રોજન બોન્ડ દ્વારા એકબીજા પ્રત્યે ભારે આકર્ષણ ધરાવે છે. **આસક્તિ બળ:** આ બળ પાણીના અણુઓ અને કોઈ અન્ય પદાર્થ (જેમ કે આપણી ત્વચા, કપડાં કે કાચ)ના અણુઓ વચ્ચેનું આકર્ષણ બળ છે. જ્યારે પણ આસક્તિ બળ સંસક્તિ બળ કરતાં વધુ મજબૂત હોય છે, ત્યારે પાણી તે પદાર્થની સપાટી પર ફેલાઈ જાય છે અને તેને 'ભીનું' કરે છે. આપણી ત્વચા કે કપડાં પર પાણી પડે ત્યારે તેના અણુઓ આપણા શરીરના કોષો સાથે ચોંટી જાય છે, જેને આપણે ભીનાશ કહીએ છીએ.

પૃષ્ઠતાણને કારણે પાણીના અણુઓ ગોળાકાર ટીંપા બનાવવાનો પ્રયાસ કરે છે. પરંતુ જ્યારે પાણી આપણી ત્વચા કે કાચ જેવી સપાટી પર પડે છે, ત્યારે આસક્તિ બળ તે પૃષ્ઠતાણને તોડી નાખે છે. આ પ્રક્રિયાને વિજ્ઞાનમાં વેટિંગ કહેવામાં આવે છે. જો પાણી કોઈ સપાટી પર ફેલાઈને પાતળું સ્તર બનાવે, તો તે સપાટી ભીની થઈ ગણાય. શું પાણી પોતે ભીનું છે? આ અંગે વિજ્ઞાનીઓમાં બે મત છે. એક દૃષ્ટિકોણ મુજબ, ભીનાશ એ માત્ર એક 'અનુભવ' અથવા સપાટી સાથેની પ્રક્રિયા છે. પાણીનો એક અણુ પોતે ભીનો નથી હોતો, પરંતુ તે અન્ય વસ્તુઓને ભીની કરવાની ક્ષમતા ધરાવે છે. બીજા દૃષ્ટિકોણ મુજબ, પાણીના અણુઓ એકબીજા સાથે ચોંટેલા હોય છે તેથી પાણી સ્વયં ભીનું ગણાય. માનવ શરીર ભીનાશ કેવી રીતે અનુભવે છે? રસપ્રદ વાત એ છે કે આપણી ત્વચામાં 'ભીનાશ' ઓળખવા માટે કોઈ ખાસ રીસેપ્ટર્સ હોતા જ નથી! આપણું મગજ બે બાબતો ભેગી કરીને ભીનાશનો અનુભવ કરે છે.

૧. **તાપમાનમાં ઘટાડો:** પાણી આપણી ત્વચા પરથી બાષ્પીભવન પામે છે ત્યારે ઠંડક અનુભવાય છે.

૨. **સ્પર્શ અને ઘર્ષણ:** પાણી ત્વચા પર ફેલાય ત્યારે જે સ્પર્શનો અનુભવ થાય છે. મગજ તાપમાનના ફેરફાર અને સ્પર્શના સંકેતોને ભેગા કરીને આપણને સંકેત આપે છે કે: આ વસ્તુ ભીની છે.

પાણી એના અણુઓની વિશેષ બનાવટ, હાઇડ્રોજન બોન્ડિંગ અને અન્ય પદાર્થો સાથે ચોંટી જવાની ક્ષમતાને કારણે જ ભીનાશનો અનુભવ કરાવે છે. જો આ બળ ન હોત, તો પાણી પિગળેલા મીણની જેમ આપણી ત્વચા પરથી સરકી ગયું હોત અને આપણને ક્યારેય ભીના થયાનો અનુભવ થયો ન હોત!